**યુનિટ ટેસ્ટ -1** **ધોરણઃ 6** **વિષયઃ સામાજિક વિજ્ઞાન**

તારીખઃ સમય-1 કલાક કુલ ગુણઃ 25

સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓ:(ફક્ત શિક્ષકો માટે) 1.6.9,1.6.10,2.6.6,2.6.7,2.6.8,2.6.10,2.6.11,3.6.5,3.6.6

પ્રશ્ન-1 નીચે આપેલ પ્રશ્નોના જવાબ એક શબ્દ કે વાક્યમાં લખો. (4)

1. સૌથી જૂનો વેદ કયો છે?
2. ઇ.સ. પૂર્વની સાતમી કે છઠ્ઠી સદીમાં ઉત્તર ભારતમાં કેટલાં મહાજનપદ હતાં?
3. ગુજરાતની આબોહવામાં શિયાળો ક્યારે અનુભવાય છે?
4. ગામની સ્વચ્છતા જાળવવાનું કામ કોણ કરે છે?

**પ્રશ્ન-2 યોગ્ય જોડકાં જોડો.** **(2)**

| અ | બ |
|---|---|
| (અ) નર્મદા નદી | 1. વડોદરા |
| (બ) બનાસ નદી | 2. ધરોઇ યોજના |
| (ક) નારાયણ સરોવર | 3. દાંતીવાડા યોજના |
| (ડ) આજવા સરોવર | 4. કચ્છ |
| | 5. સરદાર સરોવર યોજના |

**પ્રશ્ન-3 નીચે આપેલા સ્થળોનું કાપડ, ખાંડ અને ડેરી ઉદ્યોગમાં વર્ગીકરણ કરો.** **(3)**

અમદાવાદ, આણંદ, કોડિનાર, મહેસાણા, સુરત, બારડોલી

**પ્રશ્ન-4 નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં આપો. (ગમે તે ત્રણ)** **(6)**

1. પ્રાચીન સમાજ જીવનમાં જનતા અથવા પૂરા સમુદાય માટે કયા બે શબ્દોનો ઉપયોગ થતો હતો?
2. સાલના લાકડાનો ઉપયોગ તમારા ઘરની કઇ કઇ વસ્તુઓ બનાવવા માટે થઈ શકે છે?
3. સમરસ ગ્રામપંચાયત કઈ રીતે બની શકે?
4. ગણરાજ્ય અંગે તમે શું માનો છો?

**પ્રશ્ન-5 નીચેના પ્રશ્નોના જવાબ ત્રણ-ચાર વાક્યોમાં આપો. (ગમે તે બે)** **(6)**

1. જળસંપત્તિની જાળવણી માટે તમે શું કરશો?
2. પંચાયતી રાજનાં સ્તરો કેટલાં છે? કયાં કયાં?
3. વૈદિક યુગમાં યુદ્ધમાં જીતેલા ધનનો ઉપયોગ સરદાર કેવી રીતે કરતો હતો?

**પ્રશ્ન-6 તમે શીખેલા નકશાના આધારે માગ્યા મુજબ જવાબ આપો (ગમે તે ચાર)** **(4)**

1. કચ્છના નાના રણને અડીને આવેલા બે જિલ્લાનાં નામ લખો.
2. ગુજરાતની સરહદે આવેલાં બે પાડોશી રાજ્યનાં નામ લખો.
3. ગુજરાતને કયા દેશની આંતરરાષ્ટ્રીય સીમા અડે છે?
4. નર્મદા નદી પસાર થતી હોય તેવા બે જિલ્લાનાં નામ લખો.
5. દરિયાઈ સીમા ધરાવતા બે જિલ્લાઓનાં નામ લખો.

**યુનિટ ટેસ્ટ -1** **ધોરણઃ 7** **વિષયઃ સામાજિક વિજ્ઞાન**

તારીખઃ સમય-1 કલાક કુલ ગુણઃ 25

સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓઃ(ફક્ત શિક્ષકો માટે) 1.7.1, 1.7.9, 2.7.11, 2.7.13, 3.7.4

**પ્રશ્ન-1 નીચે આપેલ પ્રશ્નોના જવાબ એક વાક્ય કે શબ્દમાં લખો.** **(4)**

1. અણહિલવાડ પાટણની કઇ વિરાંગના રાણીએ શાહબુદ્દીન ઘોરીને યુદ્ધમાં હાર આપી હતી?
2. ઉત્તર ભારતની કોઇ બે નદીનાં નામ આપો?
3. કઇ અદાલતને કોર્ટ ઓફ રેકોર્ડ્સ (Court of Records) અથવા નજરી અદાલત કહેવાય છે?
4. કયા મુઘલ શાસકના સમયમાં રાજ્યમાં યાત્રાવેરો બંધ કરવામાં આવ્યો હતો?

**પ્રશ્ન-2 યોગ્ય જોડકાં જોડો** **(2)**

| અ | બ |
| --- | --- |
| 1. સિદ્ધરાજ જયસિંહ | અ. અમદાવાદ |
| 2. ચિલ્કા સરોવર | બ. નેપાનગર |
| 3. ગુજરાતની વડી અદાલત | ક. સોલંકી વંશનો એક શાસક |
| 4. વર્તમાન પત્રોનો કાગળ | ડ. ઓરિસ્સા |
| | ઇ. મધ્ય પ્રદેશ |

**પ્રશ્ન-3 નીચે આપેલ ખનિજોનું ધાતુમય ખનીજો અને અધાતુમય ખનીજોમાં વર્ગીકરણ કરો.** **(3)**

લોહ અયસ્ક, ચિનાઇ માટી, નિકલ, માણેક, જસત, સિલિકા

**પ્રશ્ન-4 નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યોમાં આપો. (ગમે તે ત્રણ)** **(6)**

1. મીનળદેવીએ કરેલા પ્રજાકલ્યાણનાં બે કાર્યો લખો.
2. સિંચાઇની ખેતી એટલે શું?
3. કયા વિવાદોનો સમાવેશ દીવાની વિવાદમાં કરવામાં આવે છે?
4. ટોડરમલે જમીન અને મહેસૂલના દરનો કોઠો કઇ રીતે તૈયાર કર્યો?

**પ્રશ્ન-5 નીચેના પ્રશ્નોના જવાબ ત્રણ-ચાર વાક્યોમાં આપો. (ગમે તે બે)** **(6)**

1. અદાલતોની જરૂર કેમ પડે છે?
2. શેરશાહને કયા સુધારા માટે યાદ કરવામાં આવે છે?
3. દક્ષિણ ભારતની નદીઓ જળમાર્ગ તરીકે કેમ ઉપયોગી નથી?

**પ્રશ્ન-6 તમે શીખેલા નકશાના આધારે માગ્યા મુજબ જવાબ આપો. (ગમે તે ચાર)** **(4)**

1. ગંગા નદી પસાર થતી હોય તેવાં બે રાજ્યોના નામ લખો.
2. દરિયાઇ સીમા ધરાવતાં બે રાજ્યોનાં નામ જણાવો.
3. હિમાલયની પર્વતમાળા પસાર થતી હોય તેવા એક રાજ્યનું નામ જણાવો.
4. નર્મદા યોજનાનો લાભ લેનાર બે રાજ્યોનાં નામ જણાવો.
5. શેરડીનો પાક થતો હોય તેવાં બે રાજ્યોનાં નામ જણાવો.

**યુનિટ ટેસ્ટ -1** | **ધોરણઃ 8** | **વિષયઃ સામાજિક વિજ્ઞાન**

તારીખઃ સમય-1 કલાક કુલ ગુણઃ 25

સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓઃ(ફક્ત શિક્ષકો માટે) 1.8.8, 1.8.10, 1.8.12, 2.8.8, 2.8.9, 3.8.3, 4.8.2.

**પ્રશ્ન-1 નીચે પ્રશ્નોના જવાબ એક શબ્દ કે વાક્યમાં લખો. (4)**

1. "મિત્રમેલા" નામની સંસ્થાની સ્થાપના કોણે કરી હતી?
2. ' વેદ તરફ પાછા વળો' નો બોધ કોણે આપ્યો?
3. બેંડવાજા, ઢોલ અને ડી.જે. વગાડવાથી કયું પ્રદૂષણ થાય છે?
4. આપણા દેશમાં ઇ.સ. 2011માં થયેલી વસતી ગણતરી કેટલામી હતી?

**પ્રશ્ન-2 યોગ્ય જોડકાં જોડો.** (2)

| અ | બ |
|---|---|
| (1) ' ચલો દિલ્લી' | (અ) શ્યામજી કૃષ્ણ વર્મા |
| (2) ઇન્ડિયન હોમરૂલ સોસાયટી | (બ) ન્યુ દિલ્હી |
| (3) રાશ્ત ગોફતાર | (ક) મુંબઇ |
| (4) સર્વોચ્ચ અદાલત | (ડ) સુભાષચંદ્ર બોઝ |
| | (ઇ) રહનુમા-ઇ મઝદયરબન |

**પ્રશ્ન-3 નીચે આપેલ યાદીને જહાલવાદી અને મવાળવાદી નેતાઓમાં વર્ગીકરણ કરો. (3)**

ગોપાલ કૃષ્ણ ગોખલે, સુરેન્દ્રનાથ બેનરજી, લાલા લજપતરાય, બાળગંગાધર ટિળક, દાદાભાઇ નવરોજી, બિપિનચંદ્ર પાલ

**પ્રશ્ન-4 નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં આપો. (ગમેતે ત્રણ) (6)**

1. હવાના પ્રદૂષણથી કેવા કેવા રોગો થાય છે?
2. દેશની વસતિમાં કયા બે પ્રકારનાં પરિવર્તન જોવા મળે છે?
3. વાસુદેવ ફડકેએ કઇ પ્રતિજ્ઞા લીધી હતી?
4. ' પંચમહાલ ભીલ સેવા મંડળ' ની સ્થાપના કોણે કરી હતી?

**પ્રશ્ન-5 નીચેના પ્રશ્નોના જવાબ ત્રણ-ચાર વાક્યોમાં આપો. (ગમે તે બે) (6)**

1. ધ્વનિ પ્રદૂષણ અટકાવવાના ઉપાયો જણાવો.
2. વસતિ વધવાથી કઈ કઈ સમસ્યાઓ ઉભી થાય છે?
3. તમે રાષ્ટ્રવાદ કોને કહેશો?

**પ્રશ્ન-6 તમે શીખેલા નકશાના આધારે માગ્યા મુજબ જવાબ આપો. (ગમે તે બે) (4)**

1. ભારતના કોઇપણ ત્રણ પડોશી દેશનાં નામ જણાવો.
2. કયાં કયાં રાજ્યોનાં કદ પ્રમાણમાં મોટાં જણાય છે?
3. ભારતના નકશામાં દર્શાવેલા કોઇપણ ત્રણ ટાપુઓનાં નામ લખો.